જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૪/૨૦૧૭ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૮૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૮૪ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૬ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૮૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૮૮૪/૧૭

**ક્રાઇમબ્રાન્ચ** : સોનલબેન વા/ઓ અતુલભાઈ શાહ (ઉ.વ.૫૨)(રહે.સત્યકામ સોસાયટી નેમી નાથનગર નહેરુ નગર) એ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૬/૨૦૧૪ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) રાકેશભાઈ અમ્રુતલાલ પટેલ (૨) જયશ્રીબેન વા/ઓ રાકેશભાઈ પટેલ (૩)દીપીકાબેન વા/ઓ પ્રકાશભાઈ ગોવિંદભાઈ પટેલ અને (૪)પ્રકાશભાઈ ગોવિંદભાઈ પટેલ (તમામ રહે. પુલિન પાર્ક સોસાયટી વિ-૧ નરોડા) ભેગામળી સોનલબેનનો વિશ્વાસ કેળવી, તેમની પાસેથી રૂપિયા એક કરોડ ૧૭ લાખ મેળવી લઇ, બાદમાં સોનલબેનને કરાર મુજબ રૂપિયા પરત નહી આપી સોનલબેન સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાડેજા ક્રાઇમબ્રાન્ચ ચલાવે છે.

**વટવા** : અનિલભાઈ રમેશભાઈ ચુનારા ઉ.વ.-૨૭ રહે- વણઝારા વાસ ચુનારા વાસની તલાવડી પાસે વણઝારા વાસ નારોલ વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી પાંચ-છ વર્ષ પહેલાથી તા.૨૨/૦૪/૨૦૧૭ સુધીનાં સમયગાળા દરમ્યાન શુભલક્ષ્મી ફાયનાન્સ ઓફિસ ૩૧ શિવાજી કોમ્પ્લેક્ષ પુષ્પક-આલોક બંગલોઝ સામે ઘોડાસર કેનાલ રોડ વટવા ખાતે આરોપી (૧) ઇશ્વરભાઇ પટેલ તથા (૨) પ્રીતિબેન પટેલ (બંને રહે,શોર્ય એપાર્ટમેંટ નારોલ કોર્ટની સામે તીર્થભૂમિની બાજુમાં નારોલ વટવા) ભેગામળી અનિલભાઇને વિશ્વાસમાં લઇ, તેમની પાસેથી રોજના ૫૦/- લેખે ફિક્સ ડિપોઝીટ તરીકે કુલ રૂપિયા ૪,૦૦,૦૦૦/- ભરાવી તેમજ અન્ય બીજા માણસોએ બચત કરવા સારૂ ભરેલ રૂપિયા પણ મેળવી લઇ, શુભલક્ષ્મી ફાયનાન્સ નામની પોતાની ઓફીસ બંધ કરી, તાળું મારીને ક્યાંક જતાં રહી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.ગોહિલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૮૫/૧૭**

**સોલા હાઇકોર્ટ** : રમેશભાઇ વજેનાથ યાદવ (રહે,નુપુર ફ્લેટ, ભાઇકાકા નગર થલતેજ સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૪/૧૭ બપોરના ૨/૦૦ થી તા.૨૧/૪/૧૭ બપોરનાં ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાના દાગીના કિંમત રૂપીયા ૧,૮૦,૦૦૦/- અને રોકડા રૂપીયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/-મતાની ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ એલ.રાજપુત ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૮૬/૧૭**

**અમરાઇવાડી** : સુરેશભાઈ રાધાકિશન જમવાણી (ઉ.વ.૩૭)(રહે,હરીપુરા સોસાયટી, ભગતનિવાસ માનદારભવાની પાછળ મણીનગર) તા.૨૪/૪/૧૭ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે અમરાઇવાડી બબલુ બેગલ્સની દુકાન પાસેની ફ્રુટની લારી પર કેળા લેવા ઉભા હતા ત્યારે સુરેશભાઇની એક્ટીવાના હુકમાં ભરાવેલ થેલામાંથી રોકડા રૂપિયા ૬૪,૦૦૦/- કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ હતી. આ અંગેની ફરીયાદ સુરેશભાઇ જમવાણીએ તા.૨૬/૪/૧૭ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.સોલંકી ચલાવે છે.

**મણીનગર** : ચંચળબેન છગનલાલ ભટ્ટ (ઉ.વ.૬૫)(રહે,ગીતાનગર, ગામ- કિમસાધના હોસ્પીટલનો પાછળના ભાગે, તા-ઓલપાડ જી-સુરત) તા.૨૧/૪/૧૭ ના કલાક ૫/૦૦ થી ૫/૧૫ વાગ્યા દરમ્યાન મણીનગર જુના રેલ્વે ક્રોસીંગ થી મણિનગર દક્ષિણી ગરનાળા સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન આરોપી (૧) ઓટોરીક્ષા ચાલક (જેનુ નામ સરનામુ કે ઓટોરીક્ષા નંબર જાણવા મળેલ નથી) (૨) બે અજાણી સ્ત્રી તથા એક અજાણ્યો પુરુષ (જેનુ નામ સરનામુ જાણવા મળેલ નથી) ભેગામળી ચંચળબેનનાં થેલામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- અને રોકડા રૂપીયા ૨૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ અંગેની ફરીયાદ ચંચળબેન ભટ્ટે તા.૨૬/૪/૧૭ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૮૮૭/૧૭**

**પાલડી** : જ્યોતિબેન વિનોદભાઈ (ઉ.વ.૬૭)(રહે.બીજો માળ,સદન ફ્લેટ પનાર પોળ ગાંધી રોડ ખાડીયા) તા.૭/૪/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પાલડી, નારાયણનગર રોડ, ઢીંગલીઘર પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જ્યોતીબહેનના ગળામાંથી સોનાની પેંડલ સાથેની ચેઈન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જ્યોતિબેને તા.૨૬/૪/૧૭ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી એમ.એમ.સીન્ધી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**બાપુનગર** : મંજુલાબેન વા/ઓ કનુભાઈ ધામી (પટેલ) (ઉ.વ.૫૯)(રહે.કૈલાસધામ વિભાગ-૧ ઈન્ડિયા કોલોની બાપુનગર) તા.૨૬/૪/૧૭ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ(૩૦ થી ૩૫ વર્ષ આશરાનો) મંજુલાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ મંજુલાબહેન ધામીએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૮૮/૧૭</u>**

**એલીસબ્રીજ** : ઓમપ્રકાશભાઇ રામનાથ ધવન (ઉ.વ.૬૬)(રહે,શ્રીનંદનગર, જૈનદેરાસરની સામે વેજલપુર) તા.૨૬/૪/૧૭ ના કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે ચાલતા-ચાલતા વા.સા.હોસ્પિટલના ગેટ આગળથી રોડ ક્રોસ કરતી વખતે કોઇ અજાણ્યા વાહન ચાલકે ઓમપ્રકાશભાઇને ટક્કર મારતા, માથે તથા મોઢાનાં ભાગે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૪/૨૦૧૭ ના કલાક ૧૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ હે.કો.શ્રી લલિતભાઇ અમરાભાઇ ચલાવે છે.

**<u>ભુલથી ફિનાઇલ પી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૮૯/૧૭</u>**

**મેઘાણીનગર** : અશોકભાઇ તુલસીભાઇ પરમાર (રહે,મધુવન સોસાયટી, ભાર્ગવરોડ મેઘાણીનગર) તા.૨૫/૪/૧૭ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાનાં ઘરે એક ગ્લાસમાં ફિનાઇલ ભરેલ હતુ જે ભુલથી દૂધ સમજી ફિનાઇલ ભરેલ ગ્લાસ પી જતાં, શરીરે અસર થતા, સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં લઈ જતાં સારવાર દરમ્યાન તા.૨૬/૪/૧૭ નાં ૦૦/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માતમોત નોંધી આ અંગેની તપાસ મસઇ.શ્રી નરેન્દ્રસિહ દલપતસિહ ચલાવે છે

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૯૦/૧૭</u>**

**ઘાટલોડીયા** : હિરાબેન નટવરભાઇ પરમાર (ઉ.વ.૪૧)(રહે,વાલ્મીકીવાસ મેમનગર) તા.૦૭/૪/૧૭ ના કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાઇમસ ઉપર રસોઇ બનાવતા હતા દરમ્યાન સાડીનાં છેડામાં આગ લાગતાં, હિરાબેન શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર માટે તેમને વા.સા. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહિપતસિહ તખતસિહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>આત્મહત્યાઃ-</u> <u>**સમાચાર યાદી નં.૮૯૧/૧૭**</u>

**રિવરફ્રન્ટ(વેસ્ટ)** : રોહીતકુમાર નટવરલાલ પંડ્યા (રહે,તા.-ધાંગ્રધા જી- સુરેંદ્રનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૪/૧૭ સાંજના ૬/૩૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીમાં પશ્ચીમ તરફના છેડે NID ના પાછળના ભાગે રેમ્પ નં-૦૩ પાસે નદીનાં પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રિવરફ્રન્ટ(વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિનાયક લક્ષ્મણ ચલાવે છે.

**વટવા** : ભોલુ (જેના પૂરા નામ-ઠામની ખબર નથી)(ઉ.વ.૨૫)(રહે,ધીરુભાઈનાં મકાનમાં સૈજપુર ગોપાલપુર પીપળજ વટવા) એ અગમ્ય કારણસર તા.૨૬/૪/૧૭ બપોરના ૧/૩૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પીરાણા રોડ પીપળજ હિંદલ કાપડની કંપની પાસે નંદન ડેનિયમ લિમિટેડ પીપળજ વટવા ખાતે સેન્ટર કિચનનાં સ્ટોર રૂમમાં લોખંડના કઠેરા સાથે દોરડું બાંધી, ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ મુળજીભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)